

# રાજા વસુ



વ્યાખ્યાન વાચસ્પતિ પૂજ્યપાદ આચાર્ય દેવ
શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

સં. પૂ. મુનિશ્રી કીર્તિયશવિજયજી મ.



જૈનશાસનના મહાન જ્યોતિર્ધર, પૂજ્યપાદ
આચાર્ય દેવ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

પૂજ્યપાદ આચાર્ય શ્રીવિજયરામચન્દ્રસૂરિ સ્મૃતિ ગ્રંથમાળા... ૪૦

# રાજા વસુ

❖ પ્રવચનકાર ❖

સુવિશાળ ગચ્છાધિપતિ, વ્યાખ્યાન વાચસ્પતિ, પૂજ્યપાદ આચાર્યદેવ

**શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**

સન્માર્ગ પ્રકાશન

❖ સંપાદક ❖

તપસ્વીરત્ન પૂજ્ય મુનિરાજશ્રી ગુણયશવિજયજી મ.સા.ના શિષ્યરત્ન

પૂજ્ય મુનિરાજશ્રી કીર્તિયશવિજયજી મ.સા.

: પ્રકાશક :

**સન્માર્ગ પ્રકાશન**

શ્વે. મૂ. તપગચ્છ જૈન આરાધના ભવન,
પાછીયાની પોળ, રીલીફ રોડ,
અમદાવાદ-૩૮૦ ૦૦૧
મુદ્રક : ગુજરાત ઓફસેટ, અમદાવાદ

: મૂલ્ય :

એક પુસ્તકની કિંમત : રૂા. ૭-૦૦
૨૧ પુસ્તકના પહેલા સેટની કિંમત : રૂા. ૧૨૫-૦૦
૨૨ પુસ્તકના બીજા સેટની કિંમત : રૂા. ૧૨૫-૦૦
૧૦૮ પુસ્તકના પુરા સેટની કિંમત : રૂા. ૬૨૫-૦૦

પ્રથમ આવૃત્તિ—નકલ ૫૦૦૦, વિ. સં. ૨૦૪૯ અષાઢ વદ ૧૪ તા. ૧૮-૭-૯૩ રવિવાર

પૂજ્યપાદ ગચ્છાધિપતિ આ.શ્રી વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાનો દ્વિતીય વાર્ષિક સ્વર્ગારોહણ દિન

સૌજન્ય : શ્રી જિનવાણી પ્રચારક ટ્રસ્ટ, મુંબઈ

## : ★ સંપર્કસ્થાન - ● પ્રાપ્તિસ્થાન :

❖ અમદાવાદ ❖

●★ બાબુલાલ કકલચંદ શાહ - ટ્રસ્ટી
C/o. કીર્તિલાલ બાબુલાલ એન્ડ કું.
રતનપોળ, ગોલવાડ, અમદાવાદ-૧
ફોન : (ઓ)૩૫૭૬૪૮, (ઘ)૩૫૬૯૯૫

●★ કે. નીતીન & કું.
૨૧, આનંદ શોપીંગ સેન્ટર, રતનપોળ,
ગોલવાડ, અમદાવાદ-૧, ફોન : ૩૫૬૩૮૦

● શાહ હરિચંદભાઈ પ્રતાપચંદ - ચેરમેન
૩૮, સહજીવન સોસાયટી, શાંતિનગર,
અમદા.-૧૪, ફોન : ૩૮૩૦૪૬, R.૪૨૦૧૫૮

●★ ડી. રમેશ શાંતિલાલ વોરા - મંત્રી
દેવસાના પાડા સામે, કાલુપુર, અમદાવાદ-૧
ફોન : ૩૬૯૩૦૩

● શાહ વાઘજીભાઈ ભુદરભાઈ - સહમંત્રી
સ્વામિનારાયણ મંદિર રોડ,
કાલુપુર, અમદાવાદ-૧, ફોન : ૩૬૫૩૪૬

● નરેન્દ્રકુમાર પોપટલાલ વોરા - સહમંત્રી
જૈનનગર, પાલડી, અમદા.-૭ ફોન : ૪૨૧૪૨૮

● સરસ્વતિ પુસ્તક ભંડાર
હાથીખાના, રતનપોળ,
અમદાવાદ-૧, ફોન : ૩૫૬૬૯૨

❖ સૂરત ❖

●★ શાહ નવીનચંદ્ર તારાચંદ - મંત્રી
C/o. વિપુલ ડાયમંડ,
૨૦૫-૨૦૬, આનંદ, બીજેમાળ, જદાખાડી,
મહીધરપુરા, સુરત, . ફોન : ૫૩૭૬૦

● શાહ ધીરજકુમાર શાંતિલાલ
કૈલાસનગર, સુરત, ફોન : ૩૮૮૪૯

● પરેશકુમાર વાડીલાલ સંઘવી
નાણાવટ મેઈન રોડ, સુરત, ફોન : ૩૫૬૨૪

❖ વડોદરા ❖

● પ્રકાશચંદ્ર જયંતિલાલ ગાંધી
C/o. સુલસા ટ્રાવેલ્સ, લાલજી કુઈ,
મસ્જીદ સામે, નાગરવાડા,
વડોદરા-૧, ફોન : ૬૬૪૪૧, ૫૪૧૩૯૬

❖ જામનગર ❖

● સમીર કે. પારેખ
૪૫, ગાંધી ચોક, જામનગર
ફોન : ૭૮૨૧૨(ઓ), ૭૧૯૪૨(ઘ)

❖ રાજકોટ ❖

● પ્રકાશભાઈ દોશી
વર્ધમાનનગર જૈન ઉપાશ્રય,
હજુર પેલેસ રોડ, રાજકોટ-૧

❖ મુંબઈ ❖

●★ મહેતા જયંતકુમાર શાંતિલાલ - મંત્રી
C/o. શાંતિલાલ એન્ડ સન્સ,
૨, પહેલેમાળ, કાચવાલા બિલ્ડીંગ,
૬૩, ધનજી સ્ટ્રીટ, મુંબઈ-૩
ફોન : ૩૪૪૪૬૧૭, ૩૪૪૬૩૩૬

● કયવન્ન એમ. ઝવેરી
સુલસા એ. વાલકેશ્વર ફોન : ૩૬૧૦૭૩૪

● અનિલ કુમાર ડી. શાહ
મહાજનમ્, ૫૧૦, પ્રસાદ ચેમ્બર્સ,
ઓપેરા હાઉસ, મુંબઈ-૪
ફોન : ૩૬૧૦૨૧૮-૩૬૧૯૯૨૮

● દિલીપકુમાર એચ. ઘીવાળા
બી-૩૭, સોનારિકા,
૨૫-સી, ચંદાવાડી સી.પી. ટેંક રોડ,
મુંબઈ-૪, ફોન : ૩૮૮૩૮૧૦

● સેવંતિલાલ વી. જૈન
૨૦, મહાજનગલી, ૧લે માળે, ઝવેરીબજાર
મુંબઈ-૨

❖ નવસારી ❖

● રાજુભાઈ બી. શાહ
૩/૩૦૪, રચના એપાર્ટમેન્ટ, સ્ટેશન રોડ,
નવસારી, ફોન : ૨૧૩૮, ૪૫૯૧

❖ નાસિક ❖

● ચંદ્રકાન્ત ચીનુભાઈ શાહ
મેઈન રોડ, નાસિક-૪૨૨૦૦૧
ફોન : ૭૬૪૭૨

❖ વઢવાણ — સુરેન્દ્રનગર ❖

● જયંતભાઈ ભીખાલાલ શાહ
ધનજીગફલનું ડહેલું, મોટા દેરાસર સામે,
સુરેન્દ્રનગર, ફોન : ૨૨૭૪૪ (ઓ.)
૨૧૯૧૬ (ઘ.)

❖ સોલાપુર ❖

● પ્રકાશચંદ્ર મોતીલાલ શાહ
૬૯૬, ચાટીગલી, સોલાપુર-૪૧૩૦૦૨

❖ પાલિતાણા ❖

● સોમચંદ ડી. શાહ
જીવણનિવાસ સામે, તળાટી રોડ, પાલીતાણા

પૂ. આ. શ્રી વિજય રામચન્દ્રસૂરિ સ્મૃતિગ્રંથમાળા ભાગ-બીજાના પ્રકાશન પ્રસંગે

# પ્રકાશકોના હૈયાની વાત

- પરમ શાસનપ્રભાવક વ્યાખ્યાનવાચસ્પતિ, સુવિશાળગચ્છાધિપતિ સંઘસ્થવિર, પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ **વિજયરામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાએ પોતાની અમોઘ દેશના શક્તિ દ્વારા સકળ શ્રીસંઘ ઉપર અને વર્તમાન વિશ્વ ઉપર કરેલા અગણિત ઉપકારોથી કોણ અજાણ્યું છે ?
- નશ્વર દેહે તેઓ શ્રીમદનું સાનિધ્ય આજે અલભ્ય બનવા છતાં પણ અક્ષર દેહે તો તે સાનિધ્ય આજે પણ એટલું જ સુલભ છે. આમ છતાં એને વધુને વધુ સર્વજન સુલભ બનાવવા અને એ દ્વારા જીવનભર તેઓ શ્રીમદે અવિરતપણે વહાવેલ ઉપકાર ભાગીરથીના નિર્મળ વહેણને અવિરતપણે વહેતું રાખવા સન્માર્ગ પ્રકાશને ગચ્છાધિપતિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ **વિજયમહોદયસૂરીશ્વરજી** મહારાજાના અંતરના આશિર્વાદ પામવા પૂર્વક **પૂજ્યપાદ આચાર્ય શ્રી વિજયરામચન્દ્રસૂરિ સ્મૃતિ ગ્રંથમાળા**ના ઉપક્રમે દર વર્ષે તેઓશ્રીજીના વાર્ષિક સ્વર્ગારોહણ દિને ૨૧/૨૨ એમ કુલ પાંચ જ વર્ષના ટુંકા ગાળામાં ૧૦૮ પુસ્તકોનું પ્રકાશન કરવાનો નિર્ધાર કર્યો છે.

  અમારા આ નિર્ધાર મુજબ પૂજ્યશ્રીના પ્રથમ સ્વર્ગારોહણ દિને ૨૧ પુસ્તકોના ૩૦૦૦ સેટનું અમે પ્રકાશન કરેલ. પરંતુ વાચકવર્ગની માગને સંતોષવા ચાર મહિનાના ટુંકા ગાળામાંજ અમારે બીજી આવૃત્તિના ૩૦૦૦ સેટનું પ્રકાશન કરવું પડ્યું.

  એજ રીતે આ વર્ષે પૂજ્યપાદશ્રીજીના બીજા સ્વર્ગારોહણ દિને સ્મૃતિગ્રંથમાળાનાં ૨૨થી ૪૩ એમ ૨૨ પુસ્તકોના બીજા ૫૦૦૦ સેટ પ્રકાશિત કરતાં અમને અત્યંત આનંદાભૂતિ થાય છે.
- પ્રસ્તુત ગ્રંથમાળાનાં પ્રત્યેક પુસ્તકોનું સંકલન/સંપાદન કરી આપવા અમે વર્ધમાન તપોનિધિ પૂજ્ય **મુનિરાજ શ્રી ગુણયશવિજયજી** મ.સા.ના વિદ્વાન શિષ્યરત્ન પૂજ્ય મુનિરાજ **શ્રી કીર્તિયશવિજયજી** મ.સા. ને વિનંતિ કરતાં અમારી તે વિનંતિને સહર્ષ સ્વીકારી અમને અત્યંત ઉપકૃત કર્યા છે.
- સ્મૃતિ ગ્રંથમાળાના **'રાજા વસુ'** પુસ્તકને પ્રકાશિત કરતાં અમે ખૂબ જ આનંદ અનુભવીએ છીએ.

  અમને આશા છે કે પ્રસ્તુત પુસ્તકનું વાંચન આપના જીવનને સાચી દિશા અને સાચો પ્રકાશ આપશે. આપ એને માત્ર કબાટની શોભા ન બનાવતાં આપના જીવનની શોભા બનાવશો અને એને સરોવરના જળની જેમ એક જ જગ્યાએ સીમીત ન રાખતાં નિર્મળ સરિતાના વહેણની જેમ વહેતું જ રાખશો.

  આપની અનુભૂતિ અમને જાણવા મળશે તો અમારો આનંદ અદકેરો બનશે.

**- સન્માર્ગ પ્રકાશન**

# અર્પણ
# સમર્પણ

નાસ્તિકતાનું નિરસન કરતી...
આસ્તિકતાનો આદર્શ દર્શાવતી...
સંસારના રાગનું વિરેચન કરતી...
મુક્તિના તીવ્રાભિલાષને ઉદ્દિપન કરતી...
મોક્ષમાર્ગના પથિકોને માર્ગદર્શન આપતી...
જૈનશાસનના પરમાર્થનું પ્રકાશન કરતી...
સમ્યગ્દર્શનનું પ્રદાન કરતી...
સર્વવિરતિની તાલાવેલી જગવતી...
રત્નત્રયીનું મહિમાગાન કરતી...

પ્રવચન પ્રભાવક દેશના દ્વારા વર્તમાન વિશ્વનો ઉદ્ધાર કરનાર, ''શુદ્ધ પ્રરૂપક ગુણ થકી જે જિનવર સમ ભાખ્યા રે'' એ ઉક્તિને ચરિતાર્થ કરનાર, વર્તમાનયુગના ભાવાચાર્ય, જૈનશાસનના મહાન જ્યોતિર્ધર, શાસનના વિશિષ્ટતમ, અદ્વિતીય આરાધક - પ્રભાવક - સંરક્ષક, ચતુર્વિધ શ્રીસંઘનો યોગક્ષેમ કરનાર, સકળસંઘ સન્માર્ગદર્શક, પરમ કરૂણાસિંધુ, પૂજ્યપાદ પરમગુરુદેવ સ્વ. આચાર્યદેવ

**શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા !**

આપના જ નામ સાથે સંકળાયેલી આ ગ્રંથાવલીનું
અંતસ્તલની ભાવોર્મિ સહ
**આપના વરદ કરકમળોમાં સમર્પણ !**

# : આધાર સ્થંભ :

## સન્માર્ગ પ્રકાશનના શુભકાર્યમાં આત્મિયભાવે પોતાનો અત્યંત મહત્વનો ફાળો આપી આધારસ્થંભ બનનારા પુણ્યવાનોની શુભ નામાવલિ.

૧. ભોરોલતીર્થ નિવાસી મહેતા શાંતિલાલ હરીલાલ મુંબઈ

૨. હસમુખલાલ ચુનીલાલ મોદી મુંબઈ

૩. રમીલાબેન મહેન્દ્રભાઈ ચીમનલાલ શાહ મુંબઈ

૪. માણેકલાલ મોહોલાલ ઝવેરી મુંબઈ

૫. ભોરોલતીર્થ નિવાસી સંઘવી સ્વરૂપચંદ મગનલાલ
હ : વાડીલાલ સુરત

૬. ભોરોલતીર્થ નિવાસી વોહેરા જેવતલાલ સ્વરૂપચંદ ભોરોલતીર્થ

૭. શાહ પ્રેમચંદભાઈ ઈશ્વરલાલ મુંબઈ

૮. શ્રીમતિ કંચનબેન સારાભાઈ શાહ
હ : વિરેન્દ્રભાઈ (સાયન્ટીફીક ડાયગ્નોસ્ટીક લેબોરેટરી) અમદાવાદ

૯. ઝવેરી કુમારપાળ બાલુભાઈ મુંબઈ

૧૦. શાહ જોઈતાલાલ ટોકરદાસ
હ : શાહ દિનેશભાઈ જોઈતાલાલ મુંબઈ

૧૧. શાહ છબીલદાસ સાંકળચંદ પરિવાર મુંબઈ

૧૨. શાહ ભાઈલાલભાઈ વર્ધીલાલ (રાધનપુરવાળા)
C/o. શાહ રાજુભાઈ બી. નવસારી

૧૩. ભોરોલતીર્થ નિવાસી સંઘવી મણીબેન મનજીભાઈ
હ : ચંપકભાઈ સુરત

## : સહયોગી :

સન્માર્ગ પ્રકાશનના શુભકાર્યને પોતાનું માની પોતાનો આગવો સહયોગ આપી સન્માર્ગ પ્રકાશનના સહયોગી બનનારા પુણ્યવાનોની શુભ નામાવલિ.

| | | |
|---|---|---|
| ૧. | **હેમચંદભાઈ મોતીચંદભાઈ ઝવેરી** | મુંબઈ |
| ૨. | **અમુલખભાઈ પૂનમચંદભાઈ મહેતા પરિવાર**<br>C/o. કુમારભાઈ એ. મહેતા | સુરત |
| ૩. | **રમણિકભાઈ રેવચંદભાઈ શાહ ધાનેરાવાળા**<br>C/o. અરવિંદભાઈ આર. શાહ | સુરત |
| ૪. | **સંઘવી સોહનરાજજી રૂપાજી** | મુંબઈ |
| ૫. | **શ્રીમતી નિર્મળાબેન હિંમતલાલ દોશી**<br>હ : શ્રી ભરતભાઈ હિંમતલાલ દોશી | મુંબઈ |
| ૬. | **શ્રી કેશવલાલ દલપતભાઈ ઝવેરી**<br>**શ્રી સુંદરલાલ દલપતભાઈ ઝવેરી** | મુંબઈ |
| ૭. | **સ્વ. મણીલાલ નીહાલચંદ શાહ**<br>C/o. રતીલાલ મણીલાલ શાહ | મુંબઈ |
| ૮. | **ભાંડોતરા નિવાસી સ્વ. શાહ મૂળચંદ ધર્માજી**<br>**તથા તેમના ધર્મપત્ની પારૂલબહેન મૂળચંદ સહપરિવાર** | ભાંડોતરા |
| ૯. | **સ્વ. શ્રી ભીખમચંદજી સાંકળચંદજી**<br>C/o. શાહ રતનચંદ ફુલચંદ | મુંબઈ |

# રાજા વસુ

[અસત્યનો અંજામ]

સત્ય જેવો કોઈ ધર્મ નથી, તો અસત્ય જેવો કોઈ અધર્મ નથી. સત્યનું મહિમાગાન કરતાં જેમ રાજા હરિશ્ચંદ્ર યાદ આવે છે, તેમ અસત્યના અંજામની વિચારણા કરતાં રાજા વસુ યાદ આવે છે.

જીવનભર સત્યનું પાલન કરીને ઊંચી પ્રસિદ્ધિ મેળવનાર રાજા વસુ જીવનની છેલ્લી પળોમાં સત્ય ચૂકી ગયો. એણે સત્યને છોડી અસત્યનો આશરો લીધો અને એ દારુણ અંજામનો ભોગ બન્યો.

એના જીવન સાથે સંકળાયેલ ક્ષીરકદંબક પાઠકનું જીવન આજના શિક્ષકો અને વાલીઓને ઊંડો બોધપાઠ આપે છે. પોતાના વિદ્યાર્થીઓ–સંતાનો પ્રત્યે કેવો ભાવ જોઈએ ? એનું હિત કરવા કેવા તત્પર રહેવું જોઈએ ? અને એમાં નિષ્ફળતા મળે તો હૃદયને કેવી ઘેરી વેદના થવી જોઈએ ?

વિદ્યાર્થી તરીકેનું જીવન કેવું હોવું જોઈએ ?

ગુરુનાં, શિક્ષકનાં, વડીલનાં કે શાસ્ત્રવચનોના હાર્દને કેવી સૂક્ષ્મ પ્રજ્ઞાપૂર્વક સમજવું જોઈએ ?

ભૂલમાં બોલાયેલ અસત્યને સમજાયા છતાં પણ તત્કાળ ન છોડતાં જો વળગી રહેવામાં આવે તો તેનો અંજામ અનેકને માટે કેવો કારમો આવે ?

પ્રસિદ્ધિના મોહમાં ફસાયેલા માણસો કેવાં નિર્ઘૃણ, નઠોર, કઠોર કાર્યો કરે ? વગેરે વાતોને સમજાવતું આ પ્રવચન કરાડ મુકામે વિ.સં. ૧૯૯૪ના ચાતુર્માસમાં અપાયેલ પ્રવચનમાળાનો એક મણકો છે.

**અસત્ય :**

માણસ અસત્ય ભાષણ કરે, ત્યારે તેની પાછળ કોઈ કારણ તો હોય ને ?

એની પાછળ, વિષયરસ કે કષાયરસ જોરદાર હોય, એવું પણ બને ને ? એની માત્રા વધે, તો એ આત્માને પકડીને નરકમાં પણ લઈ જાય ને ?

ઈરાદાપૂર્વક ગોઠવીને જુઠ્ઠું બોલનારો માણસ કયા ભાવમાં રમતો હોય, એનો તમને અનુભવ તો હશે ને ?

તમે અસત્ય બોલો છો કે નહિ ?

બોલો છો. તો તે વખતે તમારો કેવો ભાવ હોય છે ?

અસત્ય બોલતાં પહેલાં કેવો ભાવ હોય છે ?

અને, અસત્ય બોલો ત્યારે અને તેમાં તમારું ધાર્યું કામ થઈ જાય તો, તમને કેવો ભાવ આવે છે, એનો વિચાર કરી જુઓ !

પહેલાં અસત્ય બોલવું જરૂરી લાગે, પછી કેળવીને અસત્ય બોલાય અને એમાં ફાવટ આવે એટલે અસત્ય બોલ્યો તે ઠીક કર્યું, એમ પણ થાય ને ?

એવા વખતે જો આયુષ્યકર્મનો બંધ પડે, તો તે અશુભ આયુષ્યનો બંધ પડે કે શુભ આયુષ્યનો બંધ પડે, એની કલ્પના કરી જુઓ. અને એક વાર અશુભ આયુષ્યનો બંધ પડી જાય અને જીવ દુર્ગતિમાં જાય તો ફરી એને ધર્મસામગ્રી ક્યારે મળે ? અને કદાચ ધર્મસામગ્રી મળે તો પણ એ ફળે જ એવું બને ખરું ? અને જો ન ફળે તો દુર્ગતિની પરંપરા સર્જાય એવું પણ બનેને ?

## રાજા વસુનું ઉદાહરણ :

સત્યવાદી તરીકે નામાંકિત થયેલો રાજા વસુ, એક પ્રસંગમાં અસત્ય બોલ્યો અને નરકે ગયો.

અસત્ય બોલવાની એની ઈચ્છા પણ નહોતી, પરંતુ ગુરુપત્નીના

દબાણથી જ તેને અસત્ય નિર્ણય કરવો પડ્યો હતો; છતાં પણ, અસત્ય બોલતાંની સાથે જ, સિંહાસન ઉપરથી તે પટકાયો અને મરીને ઘોર નરકમાં ગયો; એટલે, પાપમાં, મેં અમુક માટે કર્યું હતું-એવો બચાવ ચાલી શકતો નથી.

## ક્ષીર કદંબક પાઠક પાસે વિદ્યાધ્યયન :

વસુ, એ અભિચંદ્ર રાજાનો પુત્ર હતો. અભિચંદ્ર રાજાએ તેને વિદ્યાભ્યાસને માટે શ્રી ક્ષીરકદંબક નામના એક પાઠકને સુપરત કર્યો હતો.

એ શ્રી ક્ષીરકદંબક નામના પાઠકની પાસે, ત્રણ વિદ્યાર્થીઓ સાથે અભ્યાસ કરતા હતા. એ ત્રણમાં એક હતો-પર્વતક નામનો એ પાઠકનો પોતાનો પુત્ર, બીજો હતો-આ વસુ નામનો રાજપુત્ર અને ત્રીજો હતો-નારદ નામનો વિદ્યાર્થી.

આ ત્રણેય વિદ્યાર્થીઓ, એક વાર રાતના, ઘરની અગાસી ઉપર પાઠ કરતા કરતા થાકીને ઊંઘી ગયા હતા. એવામાં, ત્યાં થઈને બે ચારણ શ્રમણો આકાશમાર્ગે પસાર થતા હતા.

એ ચારણ શ્રમણોએ આ ત્રણ વિદ્યાર્થીઓને જોયા, એટલે તેઓ વચ્ચે એવી વાત થઈ કે-'આ ત્રણ વિદ્યાર્થીઓ એક જ પાઠકની પાસે સાથે જ ભણે છે, છતાં પણ આ ત્રણ વિદ્યાર્થીઓમાંથી બે વિદ્યાર્થીઓ નરકમાં જશે અને એક વિદ્યાર્થી સ્વર્ગમાં જશે.'

પર્વતક, વસુ અને નારદ-એ ત્રણ તો ઊંઘી ગયા હતા, એટલે એ ત્રણમાંના એકે પણ, ચારણ શ્રમણો વચ્ચે થયેલી એ વાતને સાંભળી નહિ; પરંતુ, એ વખતે શ્રી ક્ષીરકદંબક પાઠક જાગતા હતા, એટલે ચારણ શ્રમણો વચ્ચે થયેલી વાત તેમના કાને પડી ગઈ.

એ વાત કાને પડતાંની સાથે જ, ક્ષીરકદંબક પાઠક એકદમ ખિન્ન થઈ ગયા. તેમને એવું લાગી આવ્યું કે 'મારા જેવો ભણાવનાર હોવા છતાં પણ, મારા બે શિષ્યો નરકમાં જશે ? બહુ ગજબ કહેવાય !'

## શિક્ષકો : ભૂતકાળના અને આજના :

વિદ્યાર્થીઓ દુર્ગતિમાં જાય નહિ અને દુર્ગતિમાં જાય તો એથી ખેદ

થાય, આવી મનોદશા પાઠકની હોય ખરી ?

ભણાવનાર, વિદ્યાર્થીઓની આવી ચિંતા કરે ?

આજના વાતાવરણમાં, આ વાત, એકદમ ગળે ઊતરે એવી છે ખરી ?

આર્યદેશમાં તો, આ વસ્તુ અસંભવિત નહિ પણ સુસંભવિત ગણાય. વિદ્યા તે આપવી, કે જે વિદ્યાને પામવાના યોગે, વિદ્યાને પામેલો દુર્ગતિમાં જાય નહિ અને સદ્ગતિને પામે; તેમ જ, એ વિદ્યા એવી રીતે આપવી, કે જેથી એ વિદ્યા વિદ્યાર્થીમાં સારા રૂપે પરિણામ પામે-આવો આર્યદેશના પૂર્વકાલીન પાઠકોનો આગ્રહ રહેતો.

**પોતાની પાસે ભણેલો દુ ર્ગતિમાં જાય નહિ, એવો આર્ય દેશના એ પાઠકોને વિશ્વાસ હતો. પોતાનો વિદ્યાર્થી દુ ર્ગતિગામી નીવડે, તો એને આર્યદેશના પાઠકો સહી શકતા નહિ.**

પોતાનો વિદ્યાર્થી દુર્ગતિગામી બને નહિ, એની આર્ય દેશના પાઠકોને ચિંતા હતી; એટલે **પોતાની નિશ્રામાં વિદ્યાભ્યાસ કરતા વિદ્યાર્થીઓને એ પાઠકો એવી રીતે ભણાવતા કે જેથી એ વિદ્યાર્થીઓનું જીવન સદ્વિચારશીલ અને સદાચારશીલ બને.**

**એ પાઠકો, વિદ્યાનું દાન દેતા, પણ વિદ્યાને વેચતા નહિ; અને એથી, લોકમાં એમનું મોટું સન્માન હતું.**

આજની તો, આખીય સ્થિતિ જ જુદી છે. આજે શિક્ષકોને વિદ્યાર્થીઓના જીવનની ગતિ વિષે ચિંતા છે ખરી ?

મારો વિદ્યાર્થી અનાડી કે અનાચારી ન જ નીવડવો જોઈએ, એવી કાળજી આજના શિક્ષકો પૈકી કેટલાને હશે ?

પણ, શિક્ષકોની વાત તો હજુ દૂર છે; તમને પોતાને તમારાં પોતાનાં સંતાનો દુર્ગતિગામી બનવા પામે નહિ, તેની ચિંતા છે ખરી ?

મા-બાપ તરીકે મારાં છોકરાંઓ પ્રત્યે મારી શી ફરજ છે અને એ ફરજને હું અદા કરું છું કે નહિ,-એનો તમે કદી પણ વિચાર કરો છો ખરા ?

તમારાં સંતાનો અહીંથી મરીને દુર્ગતિમાં ન જાય, એ માટે તમે અત્યાર સુધીમાં કેટલા પ્રયત્ન કર્યા છે અને કરો છો ?

**સભા : એવી કાળજી હોવી જોઈએ ને ?**

ત્યારે, તમે તમારાં સંતાનોના હિતસ્વી છો, એવો જે તમે દાવો કરો છો, તે ખોટું છે ને ?

તમને એટલે ખુદ મા-બાપને પણ જ્યાં સંતાનોના આત્મિક હિતની કાળજી ન હોય, ત્યાં પગાર માટે જ ભણાવવાનો ધંધો કરનારા શિક્ષકોને તો, પોતાના વિદ્યાર્થીઓના આત્મિક હિતની કાળજી હોય જ ક્યાંથી ?

## પરીક્ષામાં કુકડો મારવા આપ્યો :

શ્રી ક્ષીરકદંબક પાઠકને તો, પોતાની પાસે વિદ્યાભ્યાસ કરનારા ત્રણ વિદ્યાર્થીઓમાંના બે વિદ્યાર્થીઓ નરકગામી છે, એવું જાણીને બહુ દુઃખ થયું. આથી, પહેલાં તો તેમણે કોણ કોણ નરકગામી છે અને કોણ સ્વર્ગગામી છે, એનો નિર્ણય કરી લેવાનો ઉપાય યોજ્યો.

ત્રણમાંનો કોઈ નરકગામી નીવડે એવો છે-એવો એમને તો ખ્યાલ જ ન હતો; પણ ચારણ મુનિઓએ જે વાત કરી, તે તેમણે સાંભળી અને ચારણ મુનિઓની વાત ખોટી હોય નહિ એવી તેમને ખાતરી હતી; એટલે પોતે પહેલાં તો એ જાણી લેવાનો નિર્ણય કર્યો કે આ ત્રણમાં કયા બે નરકગામી છે અને કોણ એક સ્વર્ગગામી છે ?

એ જાણવા માટે, શ્રી ક્ષીરકદંબક પાઠકે, લોટના ત્રણ બનાવટી કૂકડાઓ બનાવ્યા. પછી તેમણે પર્વતક, વસુ અને નારદ-એ ત્રણેયને એક જ સમયે પોતાની પાસે બોલાવ્યા; અને એ દરેકને એક એક બનાવટી કૂકડો આપીને, એ ત્રણને કહ્યું કે 'જ્યાં કોઈ પણ જોઈ શકે નહિ એવા સ્થાને તમારે આ કૂકડાઓને મારી નાખવાના છે.'

ગુરુના આવા પ્રકારના આદેશને પામીને, એ ત્રણેય જણા ત્યાંથી નીકળ્યા. જ્યાં કોઈ પણ જોઈ શકે નહિ, એવા સ્થાનની શોધમાં ત્રણેય જણા જુદી જુદી દિશામાં ચાલ્યા.

તેમાં પર્વતકે અને વસુએ તો, કોઈ શૂન્યપ્રદેશમાં જઈને, પોતપોતાની પાસેના ગુરુએ આપેલા બનાવટી કૂકડાનો વધ કરી નાખ્યો.

નારદ પણ નગરની બહાર કોઈ જનશૂન્ય પ્રદેશમાં પહોંચ્યા. ત્યાં પહોંચીને તેમણે દશેય દિશાઓનું અવલોકન કર્યું.

દિશાઓનું અવલોકન કરતાં, નારદ વિચાર કરે છે કે 'ગુરુદેવનો આદેશ એવો છે કે જ્યાં કોઈ પણ જોતું ન હોય, ત્યાં આ કૂકડાનો વધ કરવો; પણ એ શક્ય જ નથી, કારણ કે જગતમાં કોઈ પણ સ્થાન એવું છે જ નહિ કે, જે સ્થાને જે કાંઈ થાય, તેને કોઈ જ જોઈ શકે નહિ.

આ પ્રદેશ તદ્દન નિર્જન છે, પણ અહીંયાંય જોનારા તો ઘણા છે; એક તો આ કૂકડો પોતે જ જુએ છે, હું પણ જોઉં છું, ખેચરો પણ જુએ છે, લોકપાળો પણ જુએ છે અને જ્ઞાનીઓ પણ જુએ છે; એટલે, એવું તો કોઈ સ્થાન જ નથી, કે જે સ્થાનને જોનાર કોઈ પણ ન જ હોય !' આવો નિર્ણય થયો, એટલે નારદે એવો પણ વિચાર અને નિર્ણય કર્યો કે 'તો પછી ગુરુદેવે એવી આજ્ઞા કરી કેમ ? ખરેખર, ગુરુદેવની આજ્ઞાનું તાત્પર્ય એ છે કે આ કૂકડો વધ્ય નથી.'

ગુરુદેવ તો દયાવંત છે અને એથી હિંસાથી પરાઙ્મુખ છે; છતાં પણ તેઓશ્રીએ અમને જે આવી આજ્ઞા કરી છે, તે અમારી પરીક્ષા કરવા માટે જ કરી છે-એમ લાગે છે.'

આ પ્રમાણે વિચાર અને નિર્ણય કરી લઈને, નારદે એ કૂકડાને હણ્યો નહિ; અને, જેવો ગુરુએ આપ્યો હતો તેવો જ કૂકડો લઈને, તે, ગુરુની સમીપે પાછો ફર્યો.

ગુરુની પાસે આવીને, નારદે, પોતે જે વિચારો કરીને કૂકડાનો વધ કર્યો નહોતો, તે વિચારો ગુરુને જણાવ્યા.

નારદે કહેલા તેમના વિચારોને સાંભળીને શ્રી ક્ષીરકદંબક પાઠકે પોતાના મનમાં નિર્ણય કરી લીધો કે 'આ જ સ્વર્ગગામી છે.' અને નારદની વિચારણાથી આનંદ પામેલા તેમણે, નારદનાં વખાણ પણ કર્યાં.

## પરીક્ષાનું પરીણામ જોઈ પાઠકનો ખેદ અને દીક્ષા :

આ પછી, પર્વતક અને વસુ પાછા આવી પહોંચ્યા. તે બંનેએ

આવીને શ્રી ક્ષીરકદંબક પાઠકને કહ્યું કે 'આપની આજ્ઞાનુસાર, અમે, જ્યાં કોઈ પણ જોતું ન હોય એવા સ્થળે આપે આપેલા બંનેય કૂકડાઓને મારી નાખ્યા !'

એ સાંભળીને, શ્રી ક્ષીરકદંબક પાઠકને ગુસ્સો આવી ગયો. એ કહે છે કે 'અરે, પાપીઓ ! તમે જોતા હતા ને ? અને, ખેચરો વગેરે પણ જોતા હતા ! તો, તમે એ બે કૂકડાઓને કેમ મારી નાખ્યા ?' આમ કહીને, એ બંનેને ઠપકો આપ્યો અને શ્રી ક્ષીરકદંબક પાઠકે નિર્ણય કરી લીધો કે "આ બંને નરકગામી છે." આથી, શ્રી ક્ષીરકદંબક પાઠકને બહુ જ ખેદ થયો.

તેમને થયું કે 'પર્વતકને અને વસુને ભણાવવાનો મારો શ્રમ નિષ્ફળ નીવડ્યો !' પછી તેમણે વિચાર કર્યો કે 'ખરેખર, ગુરુનો ઉપદેશ, જેવું પાત્ર હોય તેવા પ્રકારે પરિણમે છે ! વરસાદનું પાણી, સ્થાનભેદને કારણે, મોતીપણામાં પણ પરિણમે છે અને લવણપણામાં પણ પરિણમે છે ! મને મારો પુત્ર પર્વતક પ્રિય છે અને એના કરતાં પણ મને અધિક પ્રિય રાજપુત્ર વસુ છે; આ બંનેય નરકમાં જવાના છે, તો હવે હું ગૃહવાસમાં રહું તેનો અર્થ શો છે ?'

આવી રીતે નિર્વેદને પામીને, શ્રી ક્ષીરકદંબક નામના તે પાઠકે, તે જ વખતે ગૃહવાસનો ત્યાગ કર્યો અને પ્રવ્રજ્યાનો સ્વીકાર કર્યો.

એ કાળના એવા પાઠકોનું હૈયું, કેવા પ્રકારનું હશે ? પોતાની પાસે ભણનારા અને પોતાને પ્રિય એવા વિદ્યાર્થીઓ નરકગામી છે, એ ખમી શકાયું નહિ અને એમાંથી સારાય સંસાર પ્રત્યે ઉદ્વેગ જન્મ્યો, એ નાની-સૂની વાત છે ?

**સભા : અમુક નરકગામી છે અગર સ્વર્ગગામી છે, એનો નિર્ણય આટલા ઉપરથી થઈ શકે ?**

ત્રણમાં બે નરકગામી છે અને એક સ્વર્ગગામી છે-એવું જાણી લીધા બાદ, જાણવાનું માત્ર એટલું જ બાકી હતું કે કયા બે નરકગામી છે અને કોણ સ્વર્ગગામી છે; અને એ તો, આવી યોજના દ્વારા, ઘણી સારી રીતે જાણી શકાય.

કોનામાં બુદ્ધિની સ્થૂલતા છે અને કોનામાં બુદ્ધિની સૂક્ષ્મતા છે, તેમ જ જ્ઞાનીઓ સર્વત્ર જુએ છે એ વાત કોને યાદ આવે છે અને કોને યાદ નથી આવતી, એની આમાં પરીક્ષા થઈ ગઈ ને ? વળી, કોનામાં હિંસકભાવ પ્રગટે છે અને કોનામાં હિંસકભાવ પ્રગટતો નથી, એ પણ જાણી શકાયું ને ? દુર્ગતિગામી જીવમાં, હિંસકભાવ જેટલી ઝડપથી પ્રગટી શકે છે, તેટલી ઝડપથી જે જીવ દુર્ગતિગામી ન હોય તેનામાં હિંસકભાવ પ્રગટી શકતો નથી, એમ સામાન્ય રીતે કહી શકાય.

હૈયામાં-પરિણામોમાં ઘણો ક્લિષ્ટભાવ આવ્યા વિના, નરકગતિનું આયુષ્ય બંધાય નહિ; એટલે, કોનાં કોનાં પરિણામોમાં એવો ક્લિષ્ટભાવ પ્રગટી શકે તેમ છે, એ શ્રી ક્ષીરકદંબક પાઠકને જાણવું હતું, અને તે તો તેમણે યોજેલા ઉપાયથી સારી રીતે જાણી શકાય તેમ હતું.

શ્રી ક્ષીરકદંબક પાઠકે જે નિર્ણય કર્યો હતો, એ નિર્ણય કેટલો બધો સાચો હતો, તે આગળ બનેલા બનાવ ઉપરથી પણ સારી રીતે સમજી શકાશે.

શ્રી ક્ષીરકદંબક પાઠકે નિર્વેદ પામીને પ્રવ્રજ્યાને ગ્રહણ કરી આ પછી તેમના પુત્ર પર્વતકે, તેમના પાઠકપદને સંભાળ્યું; સર્વશાસ્ત્રવિશારદ બનેલા શ્રી નારદ પોતાને સ્થાને ચાલ્યા ગયા; અને વસુના પિતા શ્રી અભિચંદ્ર રાજાએ વ્રત ગ્રહણ કર્યું, એટલે તે પણ રાજા બન્યો.

રાજા વસુને સત્યવાદી પણાની ખ્યાતિને વધારનાર સ્ફટિક શીલા મળી.

રાજા બનેલા વસુએ, રાજકાર્યમાં અને સર્વત્ર એવી રીતે વર્તવા માંડ્યું કે-'સત્યવાદી' તરીકેની તેની પ્રસિદ્ધિ થઈ. લોકો, રાજા વસુને, 'સત્યવાદી' તરીકે જ ઓળખવા લાગ્યા અને પોતાની 'સત્યવાદી' તરીકેની એ પ્રસિદ્ધિને ટકાવવા માટે પણ, વસુ રાજા હરકોઈ પ્રસંગમાં સત્ય જ બોલતો.

એ દરમ્યાન, એક વાર એવું બન્યું કે કોઈ એક શિકારી શિકાર ખેલવા માટે જંગલમાં ગયો. ત્યાં તેણે એક હરણને જોયું, એટલે એ હરણનો શિકાર કરવા માટે, એ શિકારીએ પોતાનું બાણ છોડ્યું. નિશાન

બરાબર હોવા છતાં પણ, એ બાણ હરણને વાગ્યું નહિ અને કશાકની સાથે અથડાઈને તે નીચે પડ્યું.

એ શિકારીને એમ થયું કે 'મારી અને હરણની વચ્ચે કાંઈ પણ હોય-એવું દેખાતું નથી, છતાં પણ મારું બાણ કશાકની સાથે અફળાઈને પાછું પડ્યું, તો એ અફળાયું શાની સાથે ?'

આથી, તે શિકારી પોતાનું બાણ શાની સાથે અફળાઈને પાછું પડ્યું, તે જાણવા માટે જે જગ્યાએ તેનું બાણ અફળાયું હતું, તે જગ્યાએ ગયો આંખે જોતાં તો ત્યાં કાંઈ હોય તેમ જણાતું નહોતું, પણ હાથ ફેરવીને જોતાં એ શિકારીને માલૂમ પડ્યું કે અહીં આકાશસ્ફટિકની એક શિલા પડેલી છે.

એ શિલા, એવા સ્ફટિકની બનેલી હતી કે એનો રંગ આકાશ સાથે એકદમ મળી જાય તેવો હતો અને એ સ્ફટિક બરાબર પારદર્શક હતો. એ શિલાને જો કાંઈક અડે, તો જ જણાય કે ત્યાં શિલા પડી છે; બાકી તો, આકાશ જેવું જ દેખાય.

ઝાંઝવાનાં જળનો દેખાવ જોયો છે ? પાણીનું એક ટીપુંય ન હોય, છતાં ચારે કોર પાણી છે એવું દેખાય. તેમ આ શિલા એવી હતી કે એ શિલાના પાછલા ભાગમાં જે કાંઈ હોય તે જેવું હોય તેવું દેખાય, એટલે નજરે જોનારને વચ્ચે શિલા છે એવું લાગે જ નહિ.

શિકારીએ નક્કી કર્યું કે 'મેં જે હરણને જોયેલું, તે આ શિલાની પાછળથી પસાર થતું જોયેલું, કારણ કે હાથના સ્પર્શ વિના અહીં આ શિલા છે એવું જાણી શકાય તેમ નથી.'

પછી, તે શિકારીને વિચાર થયો કે 'રાજા વસુને યોગ્ય આ શિલા છે.' આથી, તે રાજા વસુની પાસે ગયો. વસુ રાજાને તેણે એ આકાશસ્ફટિકની શિલા સંબંધી વાત કરી.

રાજા વસુ એ વાતને સાંભળીને ખૂબ જ પ્રસન્ન થયો. એણે આ શિકારીને ખૂબ ધન આપીને ખુશ કર્યો અને પોતે તે આકાશસ્ફટિકની શિલાને ગ્રહણ કરી લીધી.

## પ્રસિદ્ધિના મોહમાં રાજા વસુ ઘાતક બન્યો :

તે પછીથી, વસુ રાજાએ ખાનગીમાં શિલ્પીઓને રોકીને, એ આકાશસ્ફટિકની શિલામાંથી, પોતાના સિંહાસનને માટેની વેદિકા તૈયાર કરાવી. એ વેદિકાને ગોઠવાવીને, વસુ રાજાએ, તેના ઉપર પોતાનું સિંહાસન ગોઠવાવ્યું, આ ગોઠવણી એવી રીતે થઈ કે રાજાનું સિંહાસન કોઈ પણ પ્રકારના આધાર વિના આકાશમાં અધ્ધર રહેલું છે, એવું કોઈપણ જોનારને લાગે.

આવી ગોઠવણી થઈ ગઈ, એટલે વસુ રાજાએ એ શિલ્પીઓનો ઘાત કરાવી નાખ્યો. જોયું ને, શ્રી ક્ષીરકદંબક પાઠકે જે પરીક્ષા કરી હતી, તે કેટલી બધી સાચી હતી ?

કેવા ભયંકર હિંસક પરિણામો પ્રગટી શકે, એવું વસુ રાજાનું હૈયું હતું ? વસુ રાજાએ, શા માટે શિલ્પીઓનો ઘાત કરાવી નાખ્યો ? એટલા માટે કે 'કોઈ એમ જાણી જાય નહિ કે વસુ રાજાનું સિંહાસન કોઈ શિલા ઉપર ગોઠવાએલું છે અને સૌને એમ જ લાગે કે વસુ રાજાનું સિંહાસન આકાશમાં અધ્ધર રહેલું છે !' શિલ્પીઓ જીવતા રહે, તો કદાચિત્ પણ સાચી વાત બહાર આવી જાય ને ? સાચી પણ વાત, અન્ય કોઈના પણ જાણવામાં આવી જાય નહિ અને પોતાની ખોટી પ્રસિદ્ધિ બની રહે, એ માટે જ વસુ રાજાએ શિલ્પીઓનો ઘાત કરાવી નાખ્યો; ત્યારે, એના હૈયામાં કેટલાં બધાં ક્રૂર પરિણામોનો ઉદ્ભવ થયો હશે ?

આપણે, એ વિચાર પણ કરવો જોઈએ કે વસુ રાજાના સ્થાને જો આપણે હોઈએ, તો આપણા હૈયામાં એવાં ક્રૂર પરિણામોનો ઉદ્ભવ થાય કે નહિ ?

જે ચીજ ઉપર તમને ઘણો રાગ હોય, તે ચીજ જેના દ્વારા નાશ પામવાનો સંભવ લાગે તેને માટે તમને કેવા વિચારો આવી જાય ?

આપણા સ્વાર્થ માટેય, આપણે કોઈનું પણ ભૂંડું ચિંતવવું નહિ, એવો તમારો નિર્ણય ખરો ?

## જ્યાં ચમત્કાર ત્યાં નમસ્કાર :

હવે, વસુ રાજા, આકાશસ્ફટિકની શિલામાંથી બનાવેલી વેદિકા

ઉપર પોતે ગોઠવાવેલા સિંહાસન ઉપર બેસવા લાગ્યો. કોઈ જાણતું નહોતું કે 'રાજાનું સિંહાસન વેદિકા ઉપર ગોઠવાએલું છે.' સૌને એવું જ દેખાતું હતું કે 'વસુ રાજાનું સિંહાસન આકાશમાં અધ્ધર રહેલું છે.' આવા ચમત્કારની વાત છૂપી રહે ?

લોકમાં વાત ચાલી કે વસુ રાજાનું સિંહાસન આકાશમાં રહે છે. શાથી ? તો કે વસુ રાજાના સત્યના પ્રભાવથી ! વસુ રાજાની 'સત્યવાદી' તરીકેની પ્રસિદ્ધિ તો હતી જ અને તેમાં આ વાત ઉમેરાય, એટલે પૂછવું જ શું ? ચારે કોર એવી વાત થવા લાગી કે 'વસુ રાજાના સત્યવાદીપણાથી દેવતાઓ તુષ્ટ થઈ ગયા છે; અને એમ તુષ્ટ થયેલા દેવતાઓ, વસુ રાજાનું સાનિધ્ય કર્યા કરે છે !'

આ પ્રકારની પ્રસિદ્ધિ થવાના યોગે, વસુ રાજાને તાત્કાલિક ફાયદો તો એ થઈ ગયો કે અનેક રાજાઓ વસુને વશવર્તી બની ગયા.

તમેય કહો છો ને કે 'ચમત્કારને નમસ્કાર !' ચમત્કારમાં મુંઝાય નહિં, એવા કેટલા ? ચમત્કારની સૂણીસુણાઈ વાતો ઉપર પણ ભરોસો મૂકીને, મિથ્યાત્વની પોષક ક્રિયાઓને આચરવા મંડી જનારા, ઘણા છે ને ?

**સભા : એવા તો ઘણા.**

તમે એમાંના છો કે નહિ, એ વિચારવા જેવું છે. 'સંતાનની જરૂરથી લલચાઈને, ધનની જરૂરથી લલચાઈને, પોતાના કે પોતાના કુટુંબના કોઈ માણસના આરોગ્યને મેળવવાની લાલચથી અગર કોઈ ધાર્યું સિદ્ધ થાય એવી લાલચથી એવા કોઈ પણ પ્રકારની લાલચને વશ બની જઈને, કુદેવાદિને અમે કદી પણ સેવ્યા નથી અને કુદેવાદિને અમે કદી પણ સેવીએ નહિ.'-એવું યથાર્થ રૂપમાં કહી શકે, એવા જૈનો થોડા છે, એમ તો જરૂર કહેવું પડે ને ?

ચમત્કારને નમસ્કાર કરીને, નહિ કરવા જેવી કરણીઓને કરનારાઓની આશાઓ, પૂર્ણ જ થઈ છે અગર પૂર્ણ થાય છે જ-એવું કાંઈ નથી; પણ લાલચ આદિથી અનેક પાપો સેવાય છે.

## નારદ-પ્રવર્તકનો ભેટો અને વાદ-વિવાદ :

વસુ રાજા સત્યવાદી તરીકેની પ્રસિદ્ધિ ભોગવી રહેલ છે, તેમાં એક પ્રસંગ એવો બને છે કે વસુ રાજાને અસત્ય બોલવું પડે છે અને એ અસત્યનું ઉચ્ચારણ એને પાયમાલ કરી નાંખે છે. વસુ રાજા માટે, એ પ્રસંગ, ગુરુપુત્ર પર્વતકની ભૂલને લીધે ઉભો થાય છે.

આપણે જોઈ આવ્યા છીએ કે જ્યારે શ્રી ક્ષીરકદંબક પાઠકે નિર્વેદને પામીને પ્રવ્રજ્યાને ગ્રહણ કરી, ત્યારે શ્રી નારદ પોતાને સ્થાને ચાલ્યા ગયા હતા. એ પછીથી શ્રી નારદ, પર્વતકને અને વસુને એકેય વાર મળ્યા નહોતા. ઘણા વખતે, પહેલી જ વાર, શ્રી નારદ ફરતા ફરતા પર્વતકની પાસે આવી પહોંચ્યા.

એ વખતે, પાઠકપુત્ર પર્વતક, પોતાના શિષ્યો સમક્ષ ઋગ્વેદ વિષે વ્યાખ્યાન કરી રહ્યો હતો. તેમાં 'અજૈર્યષ્ટવ્યમ્' એવી યજ્ઞ સંબંધી વાત આવી. તેની વ્યાખ્યા કરતાં, પર્વતકે, 'અજૈ.'નો અર્થ 'મેષૈ;' એવો કર્યો.

આ સાંભળીને, શ્રી નારદે પર્વતકને કહ્યું કે "ભાઈ ! ભ્રાંતિથી આવું કેમ ઉચ્ચારે છે ? આપણા ગુરુદેવે આ 'અજૈઃ' પદની વ્યાખ્યા કરતાં, આપણને સમજાવ્યું હતું કે 'ત્રણ વર્ષનાં ધાન્યો, કે જે ધાન્યોને વાવવાથી ઊગી શકતાં નથી, એવાં ધાન્યોને 'અજ' કહેવાય છે.' તો તું કયા હેતુથી, આપણા ગુરુદેવે કરેલી એ વ્યાખ્યાને ભૂલી ગયો અને 'અજો વડે એટલે બકરાંઓ વડે' એવો અર્થ તેં ઉપદેશ્યો ?"

પોતે ઉપદેશેલા અર્થને શ્રી નારદે ખોટો કહ્યો અને ગુરુએ કેવો અર્થ કહ્યો હતો તેનો ખુલાસો પણ કર્યો. એ વાતને પર્વતક ખમી શક્યો નહિ. આથી, શ્રી નારદના કથન સંબંધી વિચાર કરવા પણ થોભ્યા વિના, પર્વતકે શ્રી નારદને કહ્યું કે "તું જણાવે છે એવો અર્થ, મારા પિતાજીએ એટલે આપણા ગુરુદેવે કહ્યો જ નથી. તેઓશ્રીએ તો 'અજો એટલે બકરાંઓ'-આવો જ અર્થ કહેલો છે."

શ્રી નારદ કહે છે કે "શબ્દોના અર્થોની કલ્પના 'મુખ્યા' પણ હોય છે અને 'ગૌણી' પણ હોય છે. 'બકરું' એવો 'અજ' શબ્દનો અર્થ કરવો, એ 'મુખ્યા' અર્થકલ્પના છે અને 'ત્રિવાર્ષિક ધાન્ય' એવો 'અજ' શબ્દનો

અર્થ કરવો, એ 'ગૌણી' અર્થકલ્પના છે. આ સ્થાને, ગુરુદેવે 'ગૌણી' અર્થકલ્પના કહી હતી."

વળી તું વિચાર કર કે "ગુરુદેવ પણ ધર્મના જ ઉપદેષ્ટા હતા અને આ શ્રુતિ પણ ધર્માત્મિકા જ છે; એટલે, આ શ્રુતિમાં બકરાંઓને હોમવાનું વિધાન હોય નહિ અને એથી ગુરુદેવ પણ બકરાંઓને હોમવાનું ઉપદેશવા જેવો અર્થ કરે નહિ; માટે હે મિત્ર ! ધર્મોપદેષ્ટા ગુરુદેવને અને ધર્માત્મિકા શ્રુતિને અન્યથા કરવા દ્વારા, તું પાપનું ઉપાર્જન કર નહિ !"

શ્રી નારદે કહેલાં આ સુયોગ્ય અને હિતકારી વચનો, પર્વતકને પાપમાર્ગથી પાછો હઠાવનારાં નીવડવાને બદલે, પર્વતકને રોષથી ધમધમતો બનાવનારાં નીવડ્યાં.

## હિતકાર વચનો પણ યોગ્યને જ લાભ કરે :

એકાંતે હિતકારી અને સાચાં પણ વચનો, સૌનેય હિતકારી અને સાચાં જ લાગે, એવો નિયમ નથી. સાંભળનારના હૈયાના ભાવ ઉપર પણ, વચનોની અસરનો મોટો આધાર રહે છે. સંભળાવનાર ને સાંભળનાર, બંનેય સારા હૈયાવાળા જોઈએ.

સંભળાવનાર સારા હૈયાવાળો હોય, એટલા માત્રથી જ કાંઈ સારાં વચનોની સારી અસર થાય નહિ.

સમ્યગ્દષ્ટિ આત્મા, સ્વરૂપે મિથ્યા એવા પણ શ્રુતને સમ્યક્ રૂપે પરિણમાવી શકે છે; અને મિથ્યાદષ્ટિ આત્મા, સ્વરૂપે સમ્યક્ એવા પણ શ્રુતને મિથ્યા રૂપે પરિણમાવનારો બને છે.

સ્વરૂપે સમ્યક્ એવું પણ શ્રુત, મિથ્યાદષ્ટિઓના અંતરમાં મિથ્યા રૂપે પરિણમે, એમાં દોષ કોનો ? એ આત્માઓની પોતાની દષ્ટિમાં રહેલા મિથ્યાત્વનો જ !

એટલે, તદ્દન સાચાં અને એકાંત હિતકારી એવાં પણ વચનો, સૌ કોઈને સાચાં અને હિતકારી જ લાગે, એવું કહી શકાય કે માની શકાય નહિ !

## જીભ કપાવવાની શરત :

શ્રી નારદે, પર્વતકને 'ધર્મોપદેષ્ટા ગુરુ અને ધર્માત્મિકા શ્રુતિને અન્યથા કરવા દ્વારા પાપનું ઉપાર્જન કર નહિ.' – એવી શાણી શિખામણ આપી એથી ગુસ્સામાં આવી જઈને, પર્વતક શ્રી નારદને કહે છે કે "ગુરુએ ઉપદેશેલા શબ્દાર્થનું ઉલ્લંઘન કરીને, તું ધર્મને ઉપાર્જે છે ? ગુરુએ તો 'અજો' એટલે 'બકરાંઓ' એવો જ અર્થ ઉપદેશ્યો હતો, પણ મિથ્યાભિમાનથી તું ઊલટો અર્થ કરે છે.'

દંડનો ભય હોય તો જ માણસો મિથ્યાભિમાનનાં વચનોને ઉચ્ચારતાં અટકે છે, એટલે આપણે 'પણ' 'પ્રતિજ્ઞા' કરીએ, પ્રતિજ્ઞા કરીએ કે 'જે કોઈ પોતાના પક્ષનું સ્થાપન કરવામાં નિષ્ફળ નીવડે, તે પોતાની જીભને છેદાવે.' અને આ બાબતમાં, આપણે આપણા સહાધ્યાયી વસુ રાજાને, પ્રમાણ પુરુષ તરીકે સ્વીકારીએ."

શ્રી નારદે, તરત જ, પર્વતકની એ વાતને સ્વીકારી લીધી, કેમ કે સાચાબોલાઓને એવા પણ 'પણ'ને સ્વીકારવામાં ક્ષોભ થતો નથી.

આ પ્રમાણે, શ્રી નારદે અને પર્વતકે 'પણ' કરી લીધું અને તે પછીથી તે બંને છૂટા પડ્યા.

## મા-દીકરાનો વાર્તાલાપ અને માની મુંઝવણ :

શ્રી નારદ અને પર્વતકની વચ્ચે થયેલી અર્થભેદની વાતચીતને, શ્રી ક્ષીરકદંબક પાઠકની પત્નીએ-પર્વતકની માતાએ સાંભળી હતી. તેને એથી બહુ આઘાત લાગ્યો હતો.

પોતાના પુત્રે બહુ ભયંકર ભૂલ કરી છે અને તેનું પરિણામ મહાગંભીર આવશે, એમ તેને લાગ્યું હતું. આથી, તેણે પોતાના પુત્ર પર્વતકને એકાંતમાં બોલાવીને કહ્યું કે "તારા પિતાને 'અજ' એટલે 'ત્રિવાર્ષિક ધાન્ય' એવો અર્થ કહેતાં તો, ગૃહકાર્ય કરવામાં રત એવી મેં પણ સાંભળ્યા હતા ! એટલે, અહંકારમાં આવી જઈને તેં જે જિહ્વાછેદનું પણ કર્યું, તે ઘણું જ અનુચિત કર્યું છે. વિચારહીનપણે વર્તન કરનારાઓ, વિપત્તિઓને જ પામે છે."

પર્વતક જો ધારત, તો પોતાની માતાના આવા કથનને સાંભળ્યા પછીથી, પોતાની ભૂલને અવશ્ય સુધારી શકત; પાપમાં વધારે ખૂંચી જતાં બચી જવાની અને થઈ ગયેલા પાપથી નિવૃત્ત થઈ જવાની, પર્વતકને આ સુંદર તક મળી હતી; પણ અહંકાર આડે આવ્યો.

'અજૈ:' પદનો શ્રી નારદે જે અર્થ કહ્યો, તે જ અર્થ પોતાના પિતા એવા ગુરુએ કહ્યો હતો, એવું એ પોતે જાણે છે; એની માતા પણ એમ જ કહે છે; અને તેમ છતાં પણ, પર્વતક, એ પદના પોતે કરેલા અર્થને જ વળગી રહે છે.

આમાંથી, પર્વતકનાં આત્મપરિણામોનું સંક્લિષ્ટપણું સૂચિત થઈ જાય છે. એની ભવિતવ્યતા એવી છે કે એ આત્મા મરીને નરકે જ જવાનો છે. સંક્લિષ્ટ પરિણામો વિના એવું બની શકે નહિ.

એ સંક્લિષ્ટ પરિણામવાળો છે અને એથી જ એ પોતાને મળેલી સારી પણ સામગ્રીનો પોતાના હિતમાં ઉપયોગ કરી શકતો નથી.

પર્વતક તો પોતાની માતાને એ જ કહે છે કે 'માતા ! જે કર્યું તે કર્યું. ગમે તે પ્રકારે પણ એક ચીજ કર્યા પછીથી, એ કેમ થાય, એ જોવાનું પણ હોય નહિ !'

આવા જવાબથી, પર્વતકની માતા સમજી ગઈ કે 'હવે મારો પર્વતક, પોતાની ભૂલને સુધારી લે એ શક્ય નથી.' પણ એથી એના મનને શાંતિ થઈ નહિ. ઊલટી, એની બેચેની વધી ગઈ. શ્રી નારદની સાથેની આ હુંશાતુંશીમાં, મારા દીકરા પર્વતકની જીભ અવશ્ય છેદાશે, એવી એના મનમાં ખાતરી થઈ ગઈ હતી : કારણ કે પોતાના પતિએ 'અજૈ:' પદનો શો અર્થ કર્યો હતો-તે જાણવા સાથે, તે એ પણ જાણતી હતી કે રાજા વસુ એવો સત્યવાદી છે કે એ સાચું કહ્યા વિના રહેશે નહિ.

પોતાના પુત્રની જીભ કપાશે, એ વિચારે તેને ખૂબ જ વિહ્વળ બનાવી મૂકી. પોતાના પુત્ર પ્રત્યેના મોહના યોગે, એ પીડાવા લાગી; અને એથી, પુત્રને આપત્તિમાંથી ઉગારી લેવા માટે, તે ગમે તેવું અયોગ્ય કરવા માટે પણ તત્પર બની ગઈ.

## વસુ ઉપર અસત્ય બોલવાનું દબાણ :

પાઠકપત્નીએ વિચાર્યું કે મારા પુત્ર પર્વતકને આપત્તિમાંથી ઉગારી લેવાનો હવે એક જ ઉપાય છે; અને તે ઉપાય એ જ છે કે રાજા વસુ ખોટી સાક્ષી પૂરે ! રાજા વસુ જો નારદે કહેલા અર્થને ખોટો કહે અને પર્વતકે કહેલા અર્થને સાચો કહે, તો જ પર્વતકને માથે જે આફત ઝઝૂમી રહી છે, તેમાંથી પર્વતક ઊગરી જાય.

આવો વિચાર કરીને, પાઠકપત્ની રાજા વસુની પાસે ગઈ. ઘણાં કાળે પાઠકપત્નીનું દર્શન થવાથી રાજા વસુને ખૂબ જ આનંદ થયો. હર્ષિત ચિત્તવાળા બનેલા રાજા વસુએ, પાઠકપત્નીને કહ્યું કે 'માતા ! તમારાં દર્શનથી મને મારા ગુરુ શ્રી ક્ષીરકદંબકનાં દર્શન થયાં છે ! કહો, તમારે માટે શું કરું અને તમને શું આપું ?"

આ તકનો લાભ લેતાં, પાઠકપત્ની, રાજા વસુને કહે છે કે 'રાજન્ ! મને ભિક્ષામાં માત્ર મારો પુત્ર જ જોઈએ છે, તો તું તે મને આપ ! હે પુત્ર ! જો પુત્ર જ ન હોય, તો પછી મારે ધન અને ધાન્ય આદિ અન્ય વસ્તુઓને કરવી છે પણ શું ?'

પાઠકપત્નીએ આવી રીતે યાચના કરવાથી, સ્વાભાવિક રીતે જ રાજા વસુ કહે છે કે 'માતા ! આપનો પુત્ર પર્વતક મારે માટે તો પાલ્ય પણ છે અને પૂજ્ય પણ છે. શ્રુતિ પણ એમ જ કહે છે કે ગુરુપુત્રની સાથે પણ ગુરુના જેવો જ વર્તાવ કરવો જોઈએ.' આ પ્રમાણેના આશ્વાસનને, આપીને રાજા વસુ પાઠકપત્નીને કહે છે કે 'કોના ઉપર, અકાળે રોષે ભરાઈને, કાળે પોતાનો મૃત્યુપત્ર ફેંક્યો છે ? મારા ભાઈને મારવાની ઈચ્છાવાળો કોણ છે ? માતા ! કહો, તમે કેમ દુઃખી છો ?'

રાજા વસુની પાસેથી, આડકતરી રીતે આવી ખાતરી મેળવી લીધા બાદ, પાઠકપત્નીએ, 'અજ' શબ્દની વ્યાખ્યા બાબતનો આખોય વૃતાંત રાજા વસુને કહી સંભળાવ્યો; જિહ્વાછેદનું જે 'પણ' કરાયું હતું, તે વિષે પણ કહ્યું; અને, એ વાત પણ કહી કે 'પર્વતકે અને નારદે તારા કથનને પ્રમાણ કરવાનું કબૂલ કર્યું છે.' આમ બધી હકીકતને જણાવીને, પાઠકપત્નીએ, રાજા વસુની પાસે પોતાના પુત્રના રક્ષણની યાચના કરતાં

કહ્યું કે 'તારે જ તારા ભાઈનું રક્ષણ કરવાનું છે; અને એ માટે તારે કહેવું કે આપણા ગુરુએ 'અજૈઃ'નો અર્થ મૈષૈઃ એવો થાય એમ કહેલું.

ભાઈ ! મોટા માણસો તો પોતાના પ્રાણોના ભોગે પણ પરોપકાર કરે છે, તો પછી આ તો વાણી માત્રથી થાય તેવો પરોપકાર છે !'

રાજા વસુ, પાઠકપત્નીના મુખેથી આવી યાચનાને સાંભળતાં, બહુ જ દુઃખી થઈ ગયો.

તેણે પાઠકપત્નીને કહ્યું કે 'માતા ! મારાથી એવું મિથ્યા વચન કેમ બોલાય ? સત્યવાદીઓ તો, પ્રાણના નાશને સહવો પડે તો તેને પણ સહી લે, પરંતુ અસત્ય વચનને તો તેઓ ઉચ્ચારે જ નહિ ! પાપથી ડરનારા માણસે, જ્યાં અન્ય પણ કાંઈ અસત્ય નહિ બોલવું જોઈએ, ત્યાં ગુરુના વચનને અન્યથા કરવા રૂપ કૂટ સાક્ષી તો, તેનાથી ભરાય જ કેમ ?'

રાજા વસુએ આટલી સ્પષ્ટ વાત કરવા છતાં પણ, પાઠકપત્નીએ તો, રાજા વસુની પાસે પોતાનું ધાર્યું કરાવવાનો જ પ્રયત્ન કર્યો.

રાજા વસુને ગુરુદ્રોહની વાત જેટલી ખટકી, તેટલી પણ પતિદ્રોહની વાત પાઠકપત્નીને ખટકી નહિ, કારણ કે અત્યારે તે પુત્રમોહના જ આવેગમાં તણાઈ રહી હતી.

એક તો અસત્ય બોલવાનું પાપ અને તેમાં સાથે પતિદ્રોહનું પાપ તથા એવા પાપને આચરવાથી મહા હિંસાની પુષ્ટિ થવાની પૂરી સંભાવના; છતાંય, પુત્રમોહને આધીન બનેલી પાઠકપત્ની, એનો વિચાર જ કરતી નથી.

## રાજા વસુ છેવટે અસત્ય બોલવા તૈયાર થયો :

વસુ રાજાએ તદ્દન સીધી વાત કરી, ત્યારે પાઠકપત્ની ઊલટી ગુસ્સામાં આવી ગઈ. તેણે રોષથી રાજા વસુને કહ્યું કે 'તારે તારા ગુરુના પુત્રને વધારે ગણવો હોય, તો તેમ કર ! અગર, તારા પોતાના સત્ય બોલવાના વ્રતના આગ્રહને વધારે ગણવો હોય, તો તેમ કર !' તને, તારા સત્યવ્રતના આગ્રહની પાસે, તારા ગુરુના પુત્રની જિંદગીની કાંઈ જ કિંમત નથી.'

પાઠકપત્નીએ રોષમાં આવી જઈને જે આવું કહ્યું, તે રાજા વસુથી જીરવી શકાયું નહિ ! પાઠકપત્નીના આગ્રહને અને રોષને આધીન થઈ જઈને, રાજા વસુએ "ગુરુએ 'અજૈઃ'નો અર્થ 'મૈષૈઃ' એવો કહ્યો હતો"-એવી ખોટી સાક્ષી ભરવાનું કબૂલ કર્યું ! એટલે, રાજા વસુની એ કબૂલાતથી ખુશ થયેલી પાઠકપત્ની, પોતાના સ્થાને પાછી ફરી.

## વસુની રાજસભામાં નારદ અને પર્વતકની ન્યાય યાચના :

હવે, અગાઉ થયેલા નિર્ણય અનુસાર, શ્રી નારદ અને પર્વતક, 'અજ' શબ્દના ગુરુએ કહેલા અર્થનો નિર્ણય કરવા માટે, રાજા વસુની પાસે ગયા.

રાજસભા મળી. રાજસભામાં જે સભ્યો મળ્યા હતા, તે માધ્યસ્થ્ય ગુણથી શોભનારા હોવા ઉપરાંત, વાદ અને પ્રતિવાદ કરનારા બંનેયના વાદોમાં, સદ્વાદ કોનો છે અને અસદ્વાદ કોનો છે-તેનો નિર્ણય કરવામાં ચતુર હતા.

દૂધ અને પાણી - એ બેને ભેગાં કરીને જો હંસની પાસે મૂકવામાં આવે તો હંસ એમાંથી દૂધનો ભાગ પી જાય અને પાણીનો ભાગ બાકી રાખે. હંસની ચાંચમાં કુદરતી રીતે જ આવો ગુણ હોય છે.

વસુ રાજાની રાજસભામાં મળેલા સભ્યો પણ, સદ્વાદને અને અસદ્વાદને વિભક્ત કરવાની કુનેહની બાબતમાં હંસ જેવા હતા.

જે સભાના સભ્યોએ, કોઈ પણ વાદને અંગે નિર્ણય કરવાનો હોય, તે સભાના સભ્યોમાં જેમ માધ્યસ્થ્ય ગુણ જોઈએ, તેમ સદ્વાદ અને અસદ્વાદનો ભેદ પાડવામાં હંસની ઉપમાને પામી શકે એવી વિવેકશક્તિ પણ જોઈએ.

માધ્યસ્થ્ય ગુણનો અભાવ હોય અથવા તો સદ્ અને અસદ્નો વિવેક કરવા જોગી વિચક્ષણતાનો અભાવ હોય અથવા તો એ બંનેય ગુણોનો અભાવ હોય, એવા સભ્યોની સભામાં વાદનો નિર્ણય કરાવવા માટે જવાનું, કોઈ પણ ડાહ્યો માણસ તો કહે જ નહિ.

વાદ જેમ જેની-તેની સાથે હોય નહિ અને જે-તે સ્થાને હોય નહિ, તેમ જેની-તેની રૂબરૂમાં પણ હોય નહિ. જે સભા સમક્ષ વાદ કરવાનો

હોય, તે સભાના સભ્યોમાં માધ્યસ્થ ગુણ પણ જોઈએ અને હંસ જેમ ક્ષીરને અને નીરને અલગ અલગ કરીને ક્ષીરનું પાન કરે છે અને નીરને તજી દે છે, તેમ સદ્વાદને અને અસદ્વાદને યથાસ્વરૂપે પિછાણીને અસદ્વાદના ત્યાગપૂર્વક સદ્વાદને સ્વીકારવાની વિચક્ષણતા પણ જોઈએ.

## વિપ્ર વૃદ્ધોની સાચી સલાહ :

રાજસભામાં સભ્યો એકત્રિત થયા, એટલે વસુ રાજા પણ આવ્યો અને તેણે આકાશસ્ફટિક શિલાની બનાવેલી વેદી ઉપર રહેલા સિંહાસનને અલંકૃત કર્યું. પછી શ્રી નારદજીએ અને પર્વતકે પોતપોતાના પક્ષનું પ્રતિપાદન કર્યું. અને આ વિષયમાં જે કાંઈ પણ સત્ય હોય, તે કહેવાની રાજા વસુને તે બંનેએ વિજ્ઞપ્તિ કરી.

આ રીતે એ બંનેએ વિજ્ઞપ્તિ કર્યા બાદ, એ રાજસભામાં જે વિપ્રવૃદ્ધો હાજર હતા, તેઓએ રાજા વસુને ઉદ્દેશીને કહ્યું કે 'રાજન ! વિવાદ હવે આપની સમક્ષ ઉપસ્થિત છે.'

એક કહે છે કે 'અજ'નો ત્રિવાર્ષિક ધાન્ય-એવો અર્થ ગુરુએ કહ્યો હતો; અને બીજો કહે છે કે 'અજનો મેષ એવો અર્થ ગુરુએ કહ્યો હતો. આકાશ અને પૃથ્વીની વચ્ચે જેમ સૂર્ય છે, તેમ આ બેની વચ્ચે પ્રમાણ રૂપ સાક્ષી આપ જ છો. સત્યથી જ ઘટ પ્રભૃતિ દિવ્યો વર્તે છે, સત્યથી જ વરસાદ વરસે છે અને સત્યથી જ દેવતાઓ સિદ્ધ થાય છે. આપનાથી જ લોક સત્યમાં સ્થાપિત કરાય છે. એટલે, અમે આ વિષયમાં આપને શું કહીએ ? આપના સત્યવ્રતને ઉચિત એવું આપ બોલો !'

વિપ્રવૃદ્ધોએ રાજાને કેવી મજેની સલાહ આપી ? વિપ્રવૃદ્ધોએ થોડામાં ઘણું કહી દીધું છે. રાજા જો વ્યક્તિગત શરમથી ચલ-વિચલ ચિત્તવાળો બની ગયો હોય, તો પણ તેને સત્યને ઉચ્ચારવાનું મન થઈ જાય, એવી સલાહ તેમણે આપી ને ? પણ, વસુ રાજાએ વિપ્રવૃદ્ધોની આ સલાહને સાંભળી-ન સાંભળી કરી નાખી; કારણ કે સમજપૂર્વક, ઈરાદાપૂર્વક અસત્ય બોલવાનો રાજાએ નિર્ણય કરી લીધો હતો.

## અસત્ય વચનોનો કારમો અંજામ :

વિપ્રવૃદ્ધોની સલાહને અણસાંભળી કરીને અને પોતાની સત્યવાદી તરીકેની પ્રસિદ્ધિને પણ દૂર કરી નાખીને, રાજા વસુએ પોતાની સાક્ષી ભરતાં કહ્યું કે 'અજ'નો મેષ એવો અર્થ થાય, એવું ગુરુશ્રીએ કહ્યું હતું.'

રાજા વસુએ ખોટી સાક્ષી તો ભરી દીધી, પણ તત્કાળ એની બૂરી હાલત થઈ જવા પામી. ત્યાં રહેલા દેવતાઓ, તેના અસત્ય વચનથી કુપિત થયા; અને કુપિત થયેલા એ દેવતાઓએ, આકાશસ્ફટિકના આસન ઉપર રહેલી રાજા વસુની વેદિકાના ચૂરેચૂરા કરી નાખ્યા. એથી, રાજા વસુ નીચે જમીન ઉપર પછડાઈ પડયો, ત્યાં જ એનું મૃત્યુ થયું અને મરીને ઘોર નરકમાં ચાલ્યો ગયો.

રાજા વસુ જમીન ઉપર પટકાઈ પડતાં, 'કૂટ સાક્ષી ભરનારા-ચાંડાલ જેવા તારા મોઢાને કોણ જુએ ?' – એવી રીતે વસુ રાજાની નિંદા કરતા કરતા શ્રી નારદજી પણ ત્યાંથી પોતાના સ્થાને ચાલ્યા ગયા.

રાજા વસુના અસત્યવાદથી કુપિત થયેલા દેવતાઓએ, વસુ રાજાની ગાદીએ જે જે પુત્રો બેઠા, તે તે પુત્રોને પણ હણી નાખ્યા. એમ, રાજા વસુની પરંપરામાં આઠ ગાદીના વારસદારો હણાઈ ગયા.

## એવો બચાવ કર્મસત્તાની પાસે નહિ ચાલે :

રાજા વસુ જો પોતાના સત્યવાદીપણાને વળગી રહ્યો હોત, તો તેની આવી ભયંકર દશા થાત નહિ. રાજા વસુ અસત્ય બોલ્યો શા માટે ? ગુરુપત્નીના આગ્રહને વશ થઈને ને ? પણ એ ગુરુપત્ની રાજા વસુના નરકગમનમાં આડે આવી શકી નહિ.

'મારે ખોટું નહોતું બોલવું, પણ અમુક આગ્રહથી મારે ખોટું બોલવું પડ્યું.'-એવો બચાવ, કર્મસત્તાની પાસે ચાલી શકે નહિ.

**પાપ કરે તેનેય સજા ભોગવવી પડે, પાપ કરાવે તેનેય સજા ભોગવવી પડે અને પાપની જે અનુમોદના કરે, તેનેય સજા ભોગવવી પડે.**

# સન્માર્ગ પ્રકાશનની અવનવી યોજનાઓ

પૂજ્યપાદ ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ **વિજયરામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાના ઉપકારોની પાવન સ્મૃતિમાં...

વર્તમાન ગચ્છાધિપતિ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ **વિજયમહોદયસૂરીશ્વરજી** મહારાજના શુભાશિષ પામીને સન્માર્ગ પ્રકાશને શ્રુત ભક્તિના વિશેષ કાર્યક્રમનું આયોજન વિચાર્યું છે.

❖ પ્રાચીન ધર્મશાસ્ત્રોનું ઉત્તમ ટકાઉ કાગળો તથા તાડપત્રો ઉપર આલેખન કરાવવું.

❖ પ્રાચીન પ્રકાશિત-અપ્રકાશિત ધર્મશાસ્ત્રોનું શુદ્ધીકરણ કરી તેનું પ્રકાશન કરવું.

❖ ઉત્તમ તત્વજ્ઞાન દ્વારા શ્રદ્ધાબળને પુષ્ટ કરનાર, જાગૃતિ લાવી ધાર્મિક ભાવના વધારનાર અને જીવનોપયોગી માર્ગદર્શક ઉત્તમ સાહિત્યનું પ્રકાશન કરવું.

**: સન્માર્ગ પ્રકાશનમાં સહભાગી બનવાની અવનવી યોજનાઓ :**

**(૧) આધારસ્થંભ :**

સન્માર્ગ પ્રકાશનના આધારસ્થંભ બનનારને સંસ્થા તરફથી પ્રકાશિત થનાર તમામ પુસ્તકોમાં દાતાનું નામ અગ્રિમતાના ધોરણે મુકાશે અને તેમને સંસ્થા તરફથી પ્રકાશિત થનાર તમામ પુસ્તકોની પાંચ નકલો ભેટ અપાશે.

**(૨) સહયોગી :**

સન્માર્ગ પ્રકાશનના સહયોગી બનનારને સંસ્થા તરફથી પ્રકાશિત થનાર તમામ પુસ્તકોમાં દાતાનું નામ આધારસ્થંભ પછીના ક્રમમાં મુકાશે અને તેમને સંસ્થા તરફથી પ્રકાશિત થનાર તમામ પુસ્તકોની બે નકલો ભેટ અપાશે.

**(૩) ગ્રંથમાળા યોજના સહકાર :**

રૂપિયા ૧૫,૧૧૧ (પંદર હજાર એકસો અગિયાર રૂપિયા) આપનાર દાતા તરફથી પૂજ્યપાદ ગચ્છાધિપતિ શ્રીજીનાં પ્રવચનોની ૧૦૮ પુસ્તિકાઓ પૈકી કોઈપણ એક પુસ્તિકાનું પ્રકાશન થશે અને તે પુસ્તિકામાં સંસ્થા તેમના નામોલ્લેખપૂર્વક તેમનો આભાર માનશે. વધુમાં સંસ્થા તરફથી પ્રકાશિત થનાર તમામ પુસ્તકોની એક એક નકલ તથા પ્રસ્તુત પૂજ્યપાદ ગચ્છાધિપતિશ્રીજીનાં પ્રવચનોની ૧૦૮ પુસ્તિકાના ત્રણ સેટ ભેટ અપાશે.

**(૪) આજીવન સભ્ય :**

રૂ. ૨૫૦૧ (પચ્ચીસો એક રૂપિયા) આપીને સંસ્થાના કાયમી સભ્ય બનનારને સંસ્થા તરફથી પ્રકાશિત થનાર તમામ પુસ્તકોની એક એક નકલ ઘર બેઠાં જ પ્રાપ્ત થશે...

**(૫)** અમારા તરફથી પ્રકાશિત થયેલ નાના-મોટા કોઈ પણ પુસ્તકની આપને પ્રભાવના વગેરે માટે હજાર કે તેથી વધારે નકલોની આવશ્યકતા હશે તો આપના તરફથી ઑર્ડર મળતાં તરત જ અમે છાપી આપીશું.

# પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરિ સ્મૃતિ ગ્રંથમાળા

* માત્ર પાંચ જ વર્ષના ટૂંકા ગાળામાં સન્માર્ગ પ્રકાશન રજૂ કરે છે.
 - પૂજ્યપાદ ગચ્છાધિપતિશ્રીજીનાં ૧૦૮ પુસ્તકો.
* સતત પાંચ વર્ષ સુધી પૂ. ગચ્છાધિપતિશ્રીજીની વાર્ષિક સ્વર્ગારોહણ તિથિએ એક સાથે ૨૧, ૨૨, ૨૨, ૨૨, ૨૧ કુલ ૧૦૮ પુસ્તિકાઓની વિમોચન વિધિ થશે.
* **પ્રથમ વાર્ષિક તિથિ... વિ.સં. ૨૦૪૮ અષાઢ વદ ૧૩+૧૪ તા. ૨૮-૭-૯૨ને અનુલક્ષીને બે આવૃત્તિમાં પ્રકાશિત થયેલ એકવીસ પુસ્તકો.**

| | |
|---|---|
| ૧. સુખની ચાવી | ૧૨. સિદ્ધિસાધક સાધના |
| ૨. ઈષ્ટપ્રાપ્તિના ઉપાયો | ૧૩. બ્રહ્મચર્ય |
| ૩. સંતોષ એટલે શું ? | ૧૪. મમતા |
| ૪. યુવાનીની સફળતા | ૧૫. આંધળાને આરસી (મોદીની વાર્તા) |
| ૫. ઊગતી પ્રજાના ઘડવૈયાઓને | ૧૬. અરિહંત થનારા આત્માઓ શ્રી ધન્ના સાર્થવાહ અને શ્રી નયસાર |
| ૬. માનવનું કર્તવ્ય | |
| ૭. માનવજીવનની સાર્થકતા | ૧૭. રાજર્ષિ કુમારપાળ |
| ૮. જીવનમાં ધર્મની જરૂર | ૧૮. અણુમાંથી મેરૂ (શ્રી શાલિભદ્ર) |
| ૯. ધર્મનું રહસ્ય | ૧૯. મેરૂમાંથી અણુ (શ્રી ઝાંઝરિયા મુનિવર) |
| ૧૦. સફળતાનો માર્ગ | ૨૦. ઢળતા સૂરજનો સોનેરી પ્રકાશ-૧ |
| ૧૧. જૈન ધર્મની આછેરી ઝલક | ૨૧. ઢળતા સૂરજનો સોનેરી પ્રકાશ-૨ |

* **દ્વિતીય વાર્ષિક તિથિ વિ.સં. ૨૦૪૯ અષાઢ વદ-૧૪ તા. ૧૮-૭-૯૩ના રવિવારને અનુલક્ષીને પ્રકાશિત થયેલ બાવીસ પુસ્તકોનો સેટ**


| | |
|---|---|
| ૧. જીવ અને જગત | ૧૨. મૃત્યુ બને મંગળ |
| ૨. પ્રગતિનાં મંડાણ | ૧૩. અઢાર સદાચાર |
| ૩. વિશ્વધર્મ | ૧૪. રોહગુપ્ત અને સિદ્ધસેન |
| ૪. ભાવના એક રસાયણ | ૧૫. જૈનધર્મ એટલે સો ટચનું સોનું |
| ૫. ચાંપો વાણિયો | ૧૬. સ્યાદ્વાદ |
| ૬. પાત્ર સુવર્ણનું પાન સુરાનું | ૧૭. જૈનશાસન એક અરીસો |
| ૭. સુખ અને સુખનો માર્ગ | ૧૮. આત્મા અને મોક્ષ |
| ૮. સાચું સુખ ક્યાં ? | ૧૯. રાજા વસુ |
| ૯. સંસાર અસાર છે. | ૨૦. જયવંતી જિનાજ્ઞા |
| ૧૦. મહાત્મા ઈલાતીપુત્ર | ૨૧. અસ્પૃશ્યતા અને શ્રી જૈનશાસન |
| ૧૧. એકમાત્ર શરણ | ૨૨. વિનય, માતા-પિતાનો |

**કિંમત : કોઈપણ એક પુસ્તક રૂ. ૭-૦૦**
**પહેલા વર્ષનો સેટ રૂ. ૧૨૫-૦૦ બીજા વર્ષનો સેટ રૂ. ૧૨૫-૦૦**
**પુરાં એકસો આઠ પુસ્તકોનો સેટ રૂ. ૬૨૫-૦૦**


### પૂજ્યપાદ આચાર્ય દેવ શ્રીમદ્ વિજય

# રામચન્દ્રસૂરિ સ્મૃતિ ગ્રંથમાળા


### પહેલા વર્ષે પ્રકાશિત થયેલ ૨૧ પુસ્તકોમાંના પાંચ





૭




૬





૮




૯




૧૦

*SHARP OFFSET PRINTERS RAJKOT. Ph.: 48461*



૪૦

પૂજ્ય આચાર્યશ્રી વિજય રામચંદ્રસૂરિ સ્મૃતિ ગ્રંથમાળા